–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં વેસ્ટર્ન રેલ્વે વિભાગ,અમદાવાદ વિભાગ દ્વારા શાહીબાગ ખાતે આવેલ અંડરબ્રિજની ઉપર રેલ્વે ટ્રેક પસાર થાય છે. જે ટ્રેકના નીચેના તથા ઉપરના ભાગે પાટાના સ્ટ્રેન્થનીંગનું તથા જર્જરીત પ્લેટો ખસેડીને પ્લેટો લગાવવાનું કામકાજ કરવામાં આવનાર હોય ઉપર્યુક્ત શાહીબાગ અંડરબ્રિજ ત્રણેય નિકાસ તથા પ્રવેશવાના માર્ગોથી **તા.૨૯/૧૧/૨૦૨૫ થી તા.૮/૧૨/૨૦૨૫ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી સવાર કલાક ૦૬.૦૦ દરમિયાન** વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	શાહીબાગ અંડરબ્રિજના ત્રણેય નિકાસ તથા પ્રવેશવાના માર્ગો તા.૨૯/૧૧/૨૦૨૫ થી તા.૮/૧૨/૨૦૨૫ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી સવાર કલાક ૦૬.૦૦ દરમિયાન વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેશે.	૧. દિલ્હી દરવાજા તથા સુભાષબ્રિજ ઉપરથી આવતો ટ્રાફિક કે જેને એરપોર્ટ ગાંધીનગર તરફ જવું છે તે વાહનો સુભાષબ્રિજના છેડે શિલાલેખ ફ્લેટ થઇ રિવરફ્રન્ટ માર્ગનો ઉપયોગ કરી રિવરફ્રન્ટ માર્ગે ડફનાળા થઇ એરપોર્ટ તેમજ ગાંધીનગર તરફ જઇ શકાશે. ૨. એરપોર્ટ–ગાંધીનગર તરફથી આવતો ટ્રાફિક ડફનાળા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી અલગ–અલગ માર્ગે જઇ શકાશે. તેમજ અસારવા,ગીરધરનગર,દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જવું હોય તો શાહીબાગ થઇ આચાર્ય મહાપ્રજ્ઞજી બ્રીજનો ઉપયોગ કરી મુખ્ય માર્ગો તરફ જઇ શકાશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૭/૧૧/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર

o/c
27/11/2025